Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૧ ● અંક : ૧૪ ● સળંગ અંક : ૧૦૫૨ ● પ્રકાશિત તા-૪-૨-૨૦૨૫,મંગળવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-




જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### અમદાવાદ મ્યુ કોર્પોરેશનના

# સૌથી ભ્રષ્ટ એવા એસ્ટેટ દબાણ ખાતાના બંને હાથમાં લાડુ...!!

## સામાન્ય સંજોગોમાં લારી ગલ્લા ન ઉઠાવો તો હપ્તારૂપી રૂપિયા , જો ઉઠાવો તો પણ લારી કે ગલ્લા પરત મેળવવા માટે રૂપિયાનો વ્યવહાર ફરજીયાત કરવો પડે છે

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : અમદાવાદ મ્યુ.કોર્પોરેશનનું સૌથી વધારે વગોવાયેલું અને ભ્રષ્ટાચારથી લથપથ એસ્ટેટ ખાતું આમ તો સતત વિવાદોમાં આવતું રહે છે.પરંતુ આ વખતે મ્યુ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ભ્રષ્ટાચારની તમામ હદો વટાવી દીધી હોય તેમ દબાણ ખાતું કામગીરી કરતું હોવાના આક્ષેપ લારી ગલ્લા અને પાથરણાવાળા લગાવી રહ્યા છે.

એસ્ટેટ વિભાગના મજુરો, ડ્રાઈવરો સહિત ઈન્સ્પેકટરથી લઈને તમામ ઉચ્ચ અધિકારીઓના ભ્રષ્ટાચારથી લથપથ છે ત્યારે એસ્ટેટ વિભાગનું નવુ કૌભાંડ બહાર આવ્યું છે, એક ગલ્લાવાળાના જણાવ્યા મુજબ, દબાણ ખાતાના કર્મચારીઓ અને અધિકારીઓની મિલીભગતથી હવે વચોટીયા વહીવટ કરતા થઈ ગયા છે, પહેલા લારી કે ગલ્લો ઉભા રાખવા દબાણ ખાતાના મજુરો, ડ્રાઈવરો, કર્મીઓ સીધો હપ્તો લઈ જતા હતા, હવે વચેટીયા(દલાલો) હપ્તો લઈ જાય છે, જો કે તાજેતરમાં હાઈકોર્ટની ટકોર બાદ મ્યુ કમિશ્નરના કડક આદેશ બાદ શહેરના મોટાભાગના રોડ લારી ગલ્લા મુકત કરવા આદેશ અપાયો છે, ત્યારથી ભ્રષ્ટાચારનો નવો ચીલો ચાતર્યો હોય તેમ લારી ગલ્લા ઉપાડી જઈ ફરી પાછા આપવા માટે મસમોટી રકમ નાના નાના લારી ગલ્લા વાળા પાસે પડાવતા હોવાનો આરોપ લગાવ્યો છે.

અન્ય ગલ્લાવાળાના જણાવ્યા મુજબ, લારી ઉપાડ્યા પછી ૪૫ દિવસ સુધી લારી ગલ્લા દંડ ભરીને પાછા આપવાનો નિયમ હોવા છતાં કોર્પોરેટરોની કોઈ ભલામણ કરાવે તો ૪૫ દિવસ પહેલા પણ લારી ગલ્લા છોડી દેવામાં આવે છે એ પણ દંડ વગર, જો કોઈ પણ પ્રકારની ભલામણ ન હોય તો મ્યુ કોર્પોરેશનના વચેટીયા દ્વારા લારી ગલ્લા છોડાવવા મસમોટી રકમ પડાવી ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે, કેટલાંક કિસ્સામાં તો ૪૫દિવસ સુધી રાહ જોયા વગર લારી ગલ્લા હરાજી મોકલી દેવામાં આવે છે, જેથી લારી ગલ્લા વાળા નાના માણસો આમતેમ રખડીને પોતાની રોજી રોટી માટે રખડવાનો વારો આવે છે.

મહિને લાખો રૂપિયાનું હપ્તારૂપી ઉઘરાણું કરતા હોવા છતાં શા માટે આવા ભ્રષ્ટ કર્માચારીઓ કે અધિકારીઓ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી...? આવા કર્મીઓને એક ઝાટકે ઘેર બેસાડી દેવા જોઈએ એવી લાગણી જાગૃત નાગરિકો વ્યક્ત કરી રહ્યાં છે. એસ્ટેટ વિભાગની હપ્તારૂપી ઉઘરાણીના આતંકથી કેટલાંક લારી, ગલ્લા અને પાથરણાવાળાઓ તો ઠીક પરંતુ સામાજીક આગેવાનો અને જાગૃત નાગરિકો પણ રોષે ભરાયા છે.ભૂતકાળમાં એક સાથે મોટી સંખ્યમાં ટીઆરબી કર્મીઓને ઘેર બેસાડી દેવાના પગલાની સરાહના કરી રહ્યા છે ત્યારે કેટલાંક જાગૃત નાગરિકો પણ મ્યુ કોર્પોરેશનના સૌથી ભ્રષ્ટ એવા એસ્ટેટ વિભાગમાં દુષણ બની ગયેલા ભ્રષ્ટાચારીઓને પણ ઘેર બેસાડી દઈ સરકારે બીજો એક દાખલો બેસાડવો જોઈએ એવી માગણી કરી રહ્યાં છે.

### વડી કચેરીએથી ફાલતું દબાણથી શિક્ષકો લાલઘુમ..!!

# અપાર આઈડી જનરેટ કરવામાં શાળા કક્ષાએ ભારે મુશ્કેલીઓ

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : કેન્દ્ર સરકાર દ્વારા વન નેશન વન સ્ટુન્ડ આઈડી કાર્ડ કરવા અપાર આઈડીનું નવુ ગતકડુ કઢાયુ છે. જેમાં શિક્ષકોને ઓટોમેટેડ પરમેનન્ટ એકેડેમીક એકાઉન્ટ રજીસ્ટ્રી એટલે અપાર આઈડી બનાવવાની કામગીરી સોંપાઈ છે.પરંતુ તેમાં પળોજણોનો પાર ન હોવાની શાળા સંચાલકો જણાવી રહ્યાં છે. અપાર આઈડીમાં બાળકનું નામ જનરેટ કરવા વડી કચેરીએથી દબાણ કરાઈ રહ્યુ છે.પરંતુ અપાર આઈડી જનરેટ કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે.

જેમાં આધારકાર્ડમાં એક અક્ષરની ભુલ હોય તો અપાર આઈડી જનરેટ થતુ નથી. આધારકાર્ડમાં સુધારા માટે શાળા કક્ષાએ કેમ્પ કરવા જરૂરી છે. આધારકાર્ડના ખોટા રેકર્ડ મુજબ યુ ડાયસના સાચા રેકર્ડને ખોટો કરવો પડે છે. દરરોજ વડી કચેરીએથી અપાર આઈડી જનરેટના ફીગર મંગાવાય છે. એક શિક્ષકના જણાવ્યા મુજબ, હાલમાં અપાર આઈ.ડી. બનાવવા માટે સરકારશ્રીનો ડી. ઈ.ઓ. અધિકારીને અને શિક્ષણકચેરી શાળાઓ પાછળ હાથ ધોઈને પડી ગઈ છે. બધા જ બાળકોના અપાર આઈ.ડી. જનરેટ કરવા જ પડશે અને એ પણ ટૂંકા સમય ગાળામાં.. અરે!!! કોઈપણ કોમન સેન્સ વાળો માણસ વિચારે કે જે સાઈટ ઉપર જી.આર. અને આધારકાર્ડના નામમાં ફેર હોય અને આઈ.ડી. જનરેટ થતું નથી તો એકદમ આ પ્રક્રિયા કઈ રીતે શક્ય બને.. હવે તો પેરેન્ટ્સ પણ કંટાળ્યા છે કે કામ કરવા દો તો સારું. આ શું રોજ જાત જાતના ડોકયુમેન્ટ મંગાવો અને એમાં સુધારા વધારા માટે અમને દોડાવો!

હાલ વિદ્યાર્થીઓની સંખ્યાના ૧૫ થી ૨૦ ટકા જ નામો મેચ આવે છે. વાલી બાળકના આધારકાર્ડમા સુધારો કરાવે તો પણ અપડેટ થતા વાર લાગે છે. આથી આ કામગીરી હળવી બને તેવી કાર્યવાહી કરવા રજુઆત કરાઈ છે.

દરેક વખતે શિક્ષણ વિભાગ દ્વારા નવા નવા પરિપત્રો અંતર્ગત માહિતી માંગતા રહેતાં હોવાનાં કારણે દરેક ખાનગી શાળાને આવા પરિપત્રાની માહિતી આપવા સતત આચાર્યને કાર્યશીલ રાખવાં પડતાં હોય છે અને એકને એક માહિતી વારંવાર આપવાં છતાંય ઉઘરાણી કરતાં હોય તેમ કોઈ પણ સમયે માહીતી આપવા શિક્ષણ કચેરી દ્વારા દબાણ કરાતું હોવાનાં કારણે આચાર્ય અને શાળા સંચાલક માનસિક રીતે થાકી જતાં હોય છે તેની સીધી અસર બાળકોનાં શિક્ષણ ઊપર પડી રહી છે.

એકતરફ વાર્ષિક આયોજન અનુસાર શિક્ષણ કાર્ય ચલાવવું તેમજ તેનું આંકલન કરવું બાળકોનાં શિક્ષણ કાર્ય પૂર્ણ કર્યા અંગેની સમિક્ષા કરવા જેવાં અનેક કાર્ય આચાર્યને કરવાં પડે છે. પરંતુ હવે તો આખું વર્ષ માહિતી મીટીંગો અને આવતાં અનેક પ્રકારના પરિપત્રા પાછળ આચાર્યને રહેવું પડતું હોવાનાં કારણે શિક્ષણ કાર્ય પર તેની ગંભીર અસર પડી રહી છે.







### સર્વેમાં ચોંકાવનારા તારણો

# વિડીયો ગેમિંગના કારણે યુવાનો સબંધો છોડવા તૈયાર..!

અમદાવાદઃ આજની પેઢીના બાળકોમાં આઉટડોર રમતનું પ્રમાણ ખૂબ જ ઘટી રહ્યું છે. ખો-ખો, લંગડી, નારગોલ સહિતની રમતો આજે લુપ્ત થઈ ગઈ છે, પણ બાળકોમાં વિડીયો ગેમ પ્રત્યેનું ગાંડપણ છે. બાળકોમાં વિડિયો ગેમ્સ રમવાની ટેવ અને તેની આડઅસરોને ધ્યાનમાં લેતાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને ગેમિંગ ડિસઓર્ડરને એક પ્રકારની માનસિક સમસ્યા ગણાવી છે. જે અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન દ્વારા સર્વે કરવામાં આવ્યો છે, એવું અહેવાલ જણાવી રહ્યા છે.

અહેવાલ મુજબ, વિડીયો ગેમ વ્યસન, જેને ઈન્ટરનેટ ગેમિંગ ડિસઓર્ડર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક એવી સ્થિતિ છે જેમાં ગેમિંગની આદતો પર નિયંત્રણનું ગંભીર નુકસાન થાય છે, જેના પરિણામે ભોગ બનનારના જીવનના ઘણા પાસાઓ પર નકારાત્મક પરિણામો આવે છે. આ અસરોમાં સ્વ-સંભાળ, સંબંધો, શાળા અને કાર્યનો સમાવેશ થાય છે. આ સ્થિતિ ઈન્ટરનેટ અથવા કોઈપણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ પર ગેમિંગનો સમાવેશ કરી શકાય છે, પરંતુ મોટાભાગે ગેમિંગની લતની ગંભીર સમસ્યાઓ હોય છે તેઓ મુખ્યત્વે ઈન્ટરનેટ પર સતત રમે છે.



વિડીયો ગેમનું વ્યસન બાળકો, કિશોરો અને પુખ્ત વયના લોકોને અસર કરી શકે છે, જોકે પુખ્ત વયના લોકોમાં આ સ્થિતિ થવાની શક્યતા સૌથી વધુ હોય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષ પ્રોફેસર યોગેશ જોગસન અને અધ્યાપક ડો. ધારા આર. દોશીના માર્ગદર્શનમાં ેરૢની વિદ્યાર્થીની વરુ જીજ્ઞાએ ૧૪ વર્ષથી લઈને ૨૪ વર્ષ સુધીના ૧૩૫૦ તરુણો અને યુવાનો પર સર્વે કર્યો હતો.

સર્વેમાં ૩૬% લોકોએ સ્વીકાર્યું કે વધુ પડતી વિડીયો ગેમ રમવાના પરિણામે શાળા અને કોલેજ માં રસ પૂર્વક અભ્યાસ કરી શકતા નથી. ૪૫.૫૦% લોકોએ સ્વીકાર કર્યો હતો કે કાર્યસ્થળ અથવા ઘરની જવાબદારીઓમાં નબળું પ્રદર્શન માટે ઈન્ટરનેટવધુ વાપરવાથી થાય છે. જ્યારે ઓનલાઈન રમત બંધ થઈ જાય છે અથવા ઈન્ટરનેટ વિના ૫૪.૫૫% લોકો ઉદાસી મહેસુસ થાય છે.

તે ઉપરાંત ઓનલાઈન રમત બંધ થઈ જાય છે અથવા ઈન્ટરનેટ ન હોય ત્યારે ૬૩% ચિંતા અથવા ચીડિયાપણું અનુભવે છે. આનંદ મેળવવા માટે વિડિઓ ગેમ્સ રમવામાં વધુને વધુ સમય પસાર કરવાની જરૂર છે નહી કે પરિવાર કે મિત્રો સાથે રહેવામાં એવું ૩૧% માને છે. ગેમિંગને કારણે સામાજિક સંબંધો છોડી દેવા ૨૭.૯૦% યુવાનો તૈયારી દાખવે છે. ભવિષ્યમાં નકારાત્મક પરિણામો આવી શકે છે તેમ છતાં ૭૩% યુવાનો ઓનલાઈન ગેમ અને ઈન્ટરનેટ રમત છોડવા નથી માંગતા.

સર્વેમાં એમ પણ જાણવા મળ્યું કે ૬૬.૪૨% એ રમવાનો સમય ઘટાડવામાં પોતે અસમર્થ છે તેમ સ્વીકાર્યું હતું અને ગેમિંગ છોડવાના નિષ્ફળ પ્રયાસો કર્યાનું પણ સ્વીકાર્યું છે. ૭૨% યુવાનોએ કહ્યું કે પરિવારના સભ્યો અથવા અન્ય લોકો એ વીડિયો ગેમ્સ રમવામાં કેટલો સમય વિતાવ્યો તે વિશે પૂછ્યું હોય ત્યારે ખોટું બોલ્યા હતા.

૬૭% લોકોએ જણાવ્યું હતું કે શાળા અથવા કોલેજમાં તણાવપૂર્ણ પરિસ્થિતિઓથી બચવા અથવા ઘરના સંઘર્ષને ટાળવા માટે વિડીયો ગેમ્સનો ઉપયોગ કરે છે. અપરાધભાવ અથવા નિરાશા જેવા નકારાત્મક મૂડને દૂર કરવા માટે વિડિઓ ગેમ્સ અને ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં હોવાનું ૫૧% લોકોએ સ્વીકાર્યું હતું.

# અમદાવાદીઓને AMCની અનોખી પહેલ, ઘર દીઠ બે કાપડની થેલીઓ આપવામાં આવશે

અમદાવાદ : દેશમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકની બેગ એટલે કે થેલી કે ઝભલાંનો ઉપયોગ નહીં કરવાની ઝુંબેશ ચાલે છે. જે પર્યાવરણ માટે આવકાર્ય છે. પ્લાસ્ટિકના વિકલ્પે કાગળ અને કાપડની બેગ વાપરવાનો આગ્રહ રાખવામાં આવે છે. ત્યારે આ દિશામા અમદાવાદ પણ આગળ વધી રહ્યું છે હવે AMC દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરાયો છે. જેમાં હવે અમદાવાદીઓને AMC દ્વારા કપડાની થેલીઓનું વિતરણ કરવામાં આવશે.અમદાવાદીઓને ઘર દીઠ બે કાપડની થેલી આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. લોકોને ઝડપથી આ થેલીઓ મળી રહે તેના માટે ચાર જેટલી વિવિધ એજન્સીઓને થેલીઓ બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ આપવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, મટિરિયલ મેનેજમેન્ટ એન્ડ પરચેઝ કમિટીના ચેરમેન બળદેવ પટેલે જણાવ્યું હતું કે, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે, ત્યારે લોકો હવે પ્લાસ્ટિકની થેલીઓનો ઉપયોગ બંધ કરી અને કાપડની થેલીઓનો ઉપયોગ કરે તેના માટે શહેરમાં દરેક ઘર દીઠ બે કાપડની થેલીઓ આપવા અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરમાં અંદાજિત ૧૬ લાખ જેટલા મકાનો આવેલા છે જેથી દરેક ઘર દીઠ બે મળી ૩૨ લાખ અને ૧ લાખ વધુ એમ કુલ ૩૩ લાખ જેટલી કાપડની થેલીઓ મેળવવા માટેની ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. જે અંતર્ગત ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. ૧૬૪૧૮ અને ૧૪૪૧૬ ના માપની અને વધુમાં વધુ ૧૦ કિલો જેટલું વજન ઉઠાવી શકે તેવી થેલીઓ બનાવવામાં આવશે. ચાર જેટલી એજન્સીઓ આ ટેન્ડરમાં ક્વોલિફાય થઈ હતી. ઝડપથી થેલીઓ બની અને લોકોના ઘર સુધી પહોંચાડી શકાય તેના માટે ૧૬૪૧૮ માપની થેલી બનાવવા માટે ઘનશ્યામ ફેબ્રિકેટસને ૫૦ ટકા એટલે કે ૧૬ લાખ બાકીની ઝેનિથ સેલ્સ, સીએ ટેક્સટાઈલ્સ પ્રાઈવેટ લિમિટેડ અને દિપક હેન્ડલુમ કંપનીને બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ આપવા અંગેની દરખાસ્ત આજે મંજૂર કરવામાં આવી છે. કોટન અને પોલિએસ્ટરની થેલીઓ ૧૧.૮૧ કરોડના ખર્ચે બનશે.

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનું સિનિયર પત્રકાર અને તંત્રી પ્રત્યેનું સૌજન્ય

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દર સોમવારે સામાન્ય જનતા અને દર મંગળવારે ધારાસભ્યો અને સંસદસભ્યોની રજૂઆત રૂબરૂમાં સાંભળે છે.હવે બન્યુ એવું તા.૨૭મી જાન્યુઆરીને સોમવારે આ સામૂહિક રજુઆતની ભીડમાં એક માતબર અખબારના સિનિયર તંત્રીને મુખ્યમંત્રીએ જોયાં.મુખ્યમંત્રીએ તેમને લાઈનમાંથી ખસેડીને ખાસ મહેમાનો માટેની ખુરશીમાં બેસવા કહ્યું અને પછી બે-ત્રણ પ્રતિનિધિ મંડળને સાંભળીને બાકીની રજૂઆતો કામચલાઉ અટકાવીને પોતાની ખુરશી પરથી ઉભા થઈને સિનિયર તંત્રીને પોતાની એન્ટી ચેમ્બરમાં લઈ ગયાં અને તેમની વાત શાંતિથી સાંભળી?. આ પછી મુખ્યમંત્રીએ સંબંધિત અધિકારીને તાર સ્વરે તાકીદ કરી કે પત્રકારો કે તંત્રીઓને મુલાકાત માટે સોમવારે સામૂહિક રજુઆતના સમયે ન બોલાવવા.તેઓને અન્ય દિવસ અને સમય ફાળવવા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આ સૌજન્ય સૂચવે છે કે તેમની સરળતા અને સહજતા હજુ ય બરકરાર છે તથા પત્રકાર જગત પ્રત્યે તેઓ ભારે આદરભાવ ધરાવે છે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**


## અમદાવાદીઓ પાણી ભરી રાખજો, નવા વાડજ સહિત આ વિસ્તારોમાં બે દિવસ દરમિયાન પાણીકાપ

અમદાવાદ : કોતરપુર વોટર વર્કસમાં આવેલા પંપ હાઉસમાં થયેલા લીકેજને રિપેરિંગ કરવાનું હોવાથી પશ્ચિમ વિસ્તારના વાસણા, પાલડી, એલિસબ્રિજ, નવા વાડજ, વાડજ, નવરંગપુરા, આશ્રમરોડ જ્યારે પૂર્વ વિસ્તારમાં હાંસોલ, દૂધેશ્વર, ભીલવાસ, અસારવા, શાહીબાગ, ખાડિયા, જમાલપુર, શાહપુરના વિસ્તારોમાં આવતીકાલે (૪ ફેબ્રુઆરી)ના રોજ સાંજનો પાણીનો સપ્લાય આપી શકાશે નહીં. તેમજ બીજા દિવસે ૫ ફેબ્રુઆરીના રોજ સવારનો સપ્લાય પાણીના ઉપલબ્ધ જથ્થાની મર્યાદામાં આપવામાં આવશે. મોટેરા, ચાંદખેડા અને રાણીપ વિસ્તારમાં રાબેતા મુજબ પાણી પૂરું પાડવામાં આવશે. પ્રાપ્ત રિપોર્ટ મુજબ, કોતરપુર વોટર વર્કસમાં આવેલા પંપ હાઉસમાં થયેલા લીકેજને રિપેરિંગને લઈને વેસ્ટર્ન ટ્રક મેઈનમાં શટ ડાઉન કરવાની જરૂરિયાત હોવાના કારણે ૪ ફેબ્રુઆરીના રોજ આ કામગીરી કરવામાં આવશે. જેથી પશ્ચિમ ઝોનના તમામ વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન (મોટેરા ચાંદખેડા અને રાણીપ વોર્ડના વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન સિવાય) તથા મધ્યઝોનના સેન્ટ્રલ ટ્રકમેઈન્સ આધારીત (દુધેશ્વર વોટર વર્કસ સહિત) તથા ઉત્તરઝોનના સરદારનગર વોર્ડમાં આવેલા હાંસોલ, ભીલવાસ અને ઈસ્કોનવીલા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનનો પુરવઠો બંધ રહેશે.

Digital India
Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા
ઈ-સુવિધા કેન્દ્ર
CSC
e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ
GST રજીસ્ટ્રેશન
આધાર કાર્ડ
પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર
ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ
ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન
પાસપોર્ટ
લેમીનેશન
ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ
રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ
ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ
લાઈફ ઈન્શ્યુરન્સ
આયુષ્માન કાર્ડ
બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

### બેબાક ભાષણો, નિવેદનો માટે જાણીતા નીતિન પટેલે કહી દીધી મોટી વાત!

# રાજકારણમાં વધી ગયા દલાલ, કોના તરફ આંગળી ચીંધી?



અમદાવાદ : ભાજપના દિગ્ગજ નેતા અને રૂપાણી સરકાર સમયે નાયબ મુખ્ય પ્રધાન રહી ચૂકેલા નીતિન પટેલ પોતાના બેબાક ભાષણો, નિવેદનો માટે જાણીતા છે. નીતિન પટેલ પોતાના પક્ષના નેતાઓની ટીકા કરતા પણ ખચકાતા નથી ત્યારે ફરી તેમણે પક્ષની અને સમગ્ર રાજકારણની ટીકા કરી છે.

અહેવાલો મુજબ, મહેસાણાના કડીના ડરણ ગામમાં નીતિન પટેલનું મોટું નિવેદન સામે આવ્યું છે. રાજકારણમાં દલાલો વધી ગયાનું જાહેરમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રીએ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, આવા દલાલો ભાજપનો કાર્યકર અને હોદ્દેદારો છું એવું કહી ઓળખાણ રાખે છે અને જેથી અધિકારીઓ ફટાફટ કામ કરી આપે છે. દલાલી કરતા અનેક કરોડપતિ થઈ ગયા. ત્યારે જાહેર મંચ પરથી નીતિન પટેલના નિવેદનથી ચર્ચા જાગી છે. કડીના ડરણ ગામમાં ડરણ કેળવણી મંડળનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમના સ્ટેજ ઉપરથી નીતિન પટેલે રાજકારણની વાત વાતમાં મોટી વાત કહી હતી. તેમણે કહ્યું હતું કે, રાજકારણમાં દલાલો વધી ગયા છે. દલાલી કરી અધિકારીઓ સાથે ઓળખ રાખવાની. હું ભાજપનો કાર્યકર છું, ભાજપનો હોદ્દેદાર છું અને નેતા છું... કહીં ઓળખાણ રાખે છે. ઓળખાણ આપે એટલે અધિકારી ફટાફટ કામ કરી આપે. ભાજપ સરકારે મોટા અને લોકોને સુખી કર્યા છે. દલાલી કરતા કરતા બધા કરોડપતિ થઈ ગયા છે.

ત્યારે નીતિન પટેલનું વધુ એકવાર ભાજપના જ કાર્યકરો, હોદ્દેદારો અને નેતાઓ સામે બિન્દાસ નિવેદન સામે આવ્યું છે. કાર્યક્રમમાં નીતિન પટેલે કહ્યું કે, આ બધું જમીનોની દલાલીથી નથી થયું. કડદા કરી લોકોનું કરી નાંખીને નથી થયું. આ પ્રજાના પ્રેમથી કામ થાય છે. પ્રજાના પ્રેમથી જેને મળે એ જ સાચો નેતા કહેવાય. હોદ્દો મળે એને નેતા ના કહેવાય. હોદ્દો તો અનામતના કારણે મળે, બીજા કારણે મળે. હોદ્દો મળવો મોટી વાત નથી, સફળ બનાવવું એ મહત્વનું છે.ત્યારે નીતિન પટેલનું આ નિવેદન કયા નેતા તરફ ઈશારો કરે છે તે અંગે ભાજપમાં કાનાફૂસી શરૂ થઈ ગઈ છે. નીતિન પટેલ કેમ આવું બોલ્યા અને તેમનો ઈશારો કોના તરફ છે?




# અમદાવાદ મેટ્રોની પિક અવર્સમાં ફ્રિકવન્સી વધારો કરાય તેવી માંગ

અમદાવાદ : અમદાવાદ મેટ્રોનો ઉત્તમ પ્રતિસાદ મળી રહ્યો છે. જેના કારણે લોકોને વધુમાં વધુ લાભ મળી રહે તેના માટે તંત્ર દ્વારા પણ સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ વચ્ચે મેટ્રોમાં મુસાફરી કરતા લોકો દ્વારા પિક અવર્સ દરમ્યાન મેટ્રો સ્ટેશને ભારે ભીડ થતી હોવાને કારણે પિક અવાર્સમાં ફ્રિકવન્સી વધારો કરાય તેવી માંગ ઉઠી છે.

હાલમાં મેટ્રો સવારે તમામ રૂટો ૬ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી ચાલે છે. હાલમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન સંચાલિત મેટ્રો ટ્રેન વિવિધ રૂટ દરમ્યાન પિક અવર્સમાં ૯થી ૧૦ મિનિટ અને નોન પિક અવર્સ દરમિયાન ૧૨ થી ૧૫ મિનિટના અંતરે ઉપલબ્ધ થાય છે. તાજેતરમાં મેટ્રો ટ્રેન ૧૫ને બદલે ૧૨ મિનિટના અંતરે દોડાવવાને કારણે, ટ્રીપની સંખ્યામાં ૩૫ ટકાનો વધારો થયો હતો, પરંતુ પિક અવર્સમાં સવારે ૮-૧૧ અને સાંજે ૫-૮ મેટ્રોમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે, જેના કારણે લોકોને ટ્રેન છુટી જવાની ફરિયાદો ઉઠી છે.જેથી મેટ્રોમાં મુસાફરી કરતા લોકો દ્વારા પિક અવર્સમાં દર ૫ મિનીટે મેટ્રોની ફ્રિકવન્સી વધારાય તેવી માંગ ઉઠી છે.

એક મુસાફરના જણાવ્યા મુજબ,પીક અવર્સ દરમિયાન ફૂલ કેપીસિટી સાથે ચાલતી અમદાવાદ મેટ્રોમાં ભીડ એટલી હતી કે ઘણા લોકોને એક બે ટ્રેન છોડી દેવી પડે છે. મારે પણ એક ટ્રેન જવા દેવી પડી હતી.જૂની હાઈકોર્ટના સ્ટોપથી મોટેરાની કનેક્ટીવીટી જલ્દીથી મળતી નથી કાં તો છૂટી જાય છે.આ ઉપરાંત પિક અવર્સમાં કોચ પણ વધારવાની જરૂર છે..

અમદાવાદ શહેરમાં ચાલી રહેલી મેટ્રો દર ૧૦થી ૧૨ મિનિટે દોડી રહી છે, જ્યારે મોટેરાથી ગાંધીનગર વચ્ચે દોડતી મેટ્રો ટ્રેન વચ્ચે ૧ કલાક અને ૨૦ મિનિટની ફ્રિકવન્સી છે. એટલે કે બે ટ્રેન વચ્ચે સવા કલાકનું અંતર છે.

